કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી ખાતે વર્ગ-૩ની કુલ-૩૨ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/CIE/e-file/23/2023/1481/B1 Branch

સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૦૨/૧૦/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: WCDD/AMR/e-file/23/2022/0006/B1
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૦૪/૧૧/૨૦૨૩ના પત્ર ક્રમાંક: મકમ-૧/આઇસીડીએસ/જગ્યા મંજૂરી/૨૦૨૩.

<u>//ઠરાવ//</u>

વંચાણે લીધા (૧) પરના ઠરાવથી કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર ખાતેની વર્ગ-૩ની ૩૮ જગ્યાઓની સેવાઓ વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવા મંજૂરી આપેલ હતી. વંચાણે લીધા (૨) પરના પત્રથી ઉક્ત ૩૮ જગ્યાઓ પૈકી કુલ-૩૨ જગ્યાની સેવાઓ મુદત પૂર્ણ થયેથી વધુ ૧૧ માસ માટે આઉટસોર્સથી મેળવવા દરખાસ્ત મળેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

૨/- નીચે દર્શાવેલ પત્રક મુજબની કુલ-૩૨ જગ્યાઓની સેવાઓ નિયમિત ઉમેદવારો ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા ૧૧ માસ માટે (તા.૦૧/૧૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ) તે બેમાંથી જે વહેલુ હોય ત્યાં સુધી માન્ય એજન્સી મારફત આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનું નામ | આઉટસોર્સથી ભરાયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | એકાઉન્ટન્ટ | ૦૪ |
| ૨ | જુનિયર ક્લાર્ક | ૨૧ |
| ૩ | ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ |
| ૪ | પ્રિસ્કુલ ઈન્સ્ટ્રક્ટર | ૦૩ |
| ૫ | ડ્રાઈવર | ૦૨ |
| | કુલ | ૩૨ |

૩/- કમિશ્નરશ્રી (આઇસીડીએસ)ની કચેરી ખાતે મંજૂર થયેલ ડ્રાઈવરની ૦૨ જગ્યાની સેવાઓ માસિક રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) ફિક્સ વેતનથી મુદ્દત પૂર્ણ થયા તારીખ (તા.૦૧/૧૨/૨૦૨૩ થી વધુ ૧૧ માસ) થી વધુ ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત મેળવવાની મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૦/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.યુ.ગોસાઇ)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
5. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
6. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
7. શાખા સિલેક્ટ ફાઈલ-2024

Signature Not Verified
Signed by:DHAVAL GOSAI
Under Secretary
Date: 2024.04.04 11:56:25 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign